Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

# અસંગઠિત ક્ષેત્રે શ્રમ

શેખ ફોજીયા એમ.*

## પ્રસ્તાવના

ભારતમાં શ્રમ એ અર્થતંત્રની રોજગારનો સંદર્ભ રજુ કરે છે ૨૦૨૦માં, ભારતમાં આશરે ૫૦૦ મિલિયન શ્રમિકો હતા, ચાઈના પછી આપણે બીજા સ્થાને છીએ. જેમાંથી કૃષિ ક્ષેત્રમાં ૪૧.૧૯%, ઉદ્યોગ ક્ષેત્રમાં ૨૬.૧૮% અને સેવા ક્ષેત્રમાં ૩૨.૩૩% કુલમજૂરબળનો સમાવેશ થાય છે. આમાંથી ૯૪% કામ અસંગઠિત ક્ષેત્રે કરવામાં આવે છે હાથલારીવાળાથી લઈને ઘરના શ્રેષ્ઠ ડાયમંડ અને રત્ન પોલિશિંગ સુધીના બધા જ કાર્ય અસંગઠિત ક્ષેત્રે થાયછે.સંગઠિત ક્ષેત્રમાં સરકાર દ્વારા, રાજ્યની માલિકીના સાહસો, અને ખાનગી ક્ષેત્રના સાહસો દ્વારા કાર્યરત કામદારોનો સમાવેશ થાય છે.૨૦૦૮ માં સંગઠિત ક્ષેત્રે ૨૭.૫ મિલિયન કામદારોને રોજગારી આપતું હતું જેમાંથી ૧૭.૩ મિલિયન સરકાર અને સરકારી સંસ્થાઓ માટે કામ કરતા હતા

### ➲ શ્રમ

મજૂર એ મનુષ્ય દ્વારા કરવામાં આવેલાં કાર્યનું એક માપ છે મજૂર એ એક વિશેષ પ્રકારનો માલ છે. જેને માલિકથી અલગ કરી શકાતો નથી. (જેમ કે જે કાર્ય વ્યક્તિ કરે છે તે વ્યક્તિ તેના કાર્યથી અલગ કરી શકાતું નથી)

### ➲ શ્રમબળ

શ્રમબળ એ કાર્યરત લોકોની સંખ્યા તરીકે વ્યાખ્યાયિત થયેલ છે કે જેઓ કામે કાર્યરત છે અથવા સક્રિય રીતે કાર્ય શોધી રહ્યા છે.

---

*શેખ ફોજીયા એમ.પીએચ.ડી. સ્કોલર,સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ-૩૮૦ ૦૦૯.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

## ➲ અસંગઠિત ક્ષેત્ર

અસંગઠિત ક્ષેત્ર એટલે જેઓ છુટાછવાયા છે કાયમી ધોરણે જેમની પાસે રોજગાર કે આવક નિયમો કે કાયદાનો જેમને લાભ મળતો નથી તે.

## ➲ અસંગઠિત ક્ષેત્રમાં શ્રમ

અસંગઠિત ક્ષેત્ર એવું છે જેના રોજગારનો સમયગાળો અનિશ્ચિત છે, જે સરકાર દ્વારા નોંધાયેલા નથી, જેઓ છુટા-છવાયા છે, જેઓને સરકારી નિયમોનું પાલન કરવું પડતું નથી તેવું ક્ષેત્ર.

અસંગઠિત ક્ષેત્ર એટલે જેઓ છુટાછવાયા છે જેમની પાસે કાયમી ધોરણે રોજગારઆવક નથી, સરકારી ચોપડે જેઓ અદૃશ્ય છે તેમજ સરકારી નીતિ-નિયમો કે કાયદાનો જેમને લાભ મળતો નથી તે.

- આ ક્ષેત્રમાં સરકારી નીતિ-નિયમો લાગુ પડતાં નથી
- આ ક્ષેત્રમાં સરકારી નિયમોનું પાલન થતું નથી
- આ ક્ષેત્રમાં લગભગ દૈનિક વેતન પ્રાપ્ય છે તથા ઓવરટાઈમ માટે જુદું વળતર આપવામાં આવતું નથી
- કામના કલાકો આ ક્ષેત્રમાં નિશ્ચિત હોતાં નથી વળી, નોકરીની સુરક્ષા પણ નથી
- આ ક્ષેત્રમાં વેતન ઓછું આપવામાં આવે છે આ વેતન સ્થિર હોય છે તેમાં વૃદ્ધિ થતી નથી.

ભારતની ૯૪%થી પણ વધારે કાર્યકારી વસ્તી અસંગઠિત ક્ષેત્રનો ભાગ છે. સ્થાનિક દૃષ્ટિએ ભારતમાં સંગઠિત ક્ષેત્ર અથવા ઔપચારિક ક્ષેત્ર લાઈસન્સ પ્રાપ્ત સંસ્થાઓનો સંદર્ભ આપે છે તે જ જેઓ નોંધાયેલા છે અને GST ચૂકવે છેઆમાં જાહેર વેપારી કંપનીઓ ઔપચારીક સંસ્થાઓ કે જે નોંધાયેલી સંસ્થાઓ છે કોર્પોરેશન, કારખાનાઓ, શોપિંગ મોલ, હોટલ અને મોટા

Saarth E-Journal of Research

ISSN NO: 2395-339X

ઉદ્યોગોનો સમાવેશ થાય છે. અસંગઠિત ક્ષેત્ર એ પોતાની માલિકીની સંસ્થા માટે જાણિતું છે જેમની પાસે લાયસન્સ હોતા નથી, જે સ્વરોજગાર અથવા જે નોંધાયેલા નથી તેવી સંસ્થામાં કાર્યરત છે. જેમ કે પોતાની માલિકીનું જનરલ સ્ટોર હસ્તકલા ઉદ્યોગ, હેન્ડલૂમ કામદારો ગ્રામીણ વેપારીઓ, ખેડૂતો વગેરે.

ભારતનું મજૂર મંત્રાલય તેના ૨૦૦૮ના અહેવાલમાં ભારતમાં અસંગઠિત ક્ષેત્રના મૂજરોને ચાર ભાગમાં વર્ગીકરણ કર્યા છેઆ વર્ગીકરણ વ્યવસાય, રોજગારીનો સ્વરૂપ, ખાસ વિવિધ વર્ગો, સેવા વર્ગો દ્વારા કરવામાં આવ્યું છેઅસંગઠિત વ્યવસાયિક જૂથોમાં નાના અને સિમાંત ખેડૂતો જમીન વિહોણા ખેતમજૂરો, શેરકોપર્સ, માછીમાર, જેઓ પશુપાલનમાં રોકાયેલાં છે, બીડી વણવાવાળા, લેબલિંગ અને પેકેજીંગ, મકાન અને બાંધકામ ક્ષેત્રના કામદારો, ચામડાના કામદારો, વીવર્સ, હાથકારીગીરી કરનારા, મીઠું કામદારો, ઈંટ ભઠ્ઠામાં કામ કરતાં કામદારો, ખાણકામ કરતાં કામદારો, મિલોમાં કામ કરતા કામદારો અને તેલની મીલોમાં કામ કરતાં કામદારોનો સમાવેશ થાય છે. રોજગારની પ્રકૃતિના આધારે એક અલગ વર્ગમાં કૃષિ મજૂર, બંધાયેલ મજૂર સ્થળાંતર કામદારો, કરાર અને છૂટક મજૂરો, વગેરેનો સમાવેશ થાય છે. અસંગઠિત ક્ષેત્રને સમર્પિત અન્ય એક વર્ગ જેમાં સફાઈ કામદારો માથા પર ભારને વહન કરનારા, પ્રાણીથી ચાલતા વાહનો ચલાવનારા, માલ વાહકો વગેરેનો સમાવેશ થાય છે. અસંગઠિત મજુરના છેલ્લા વર્ગમાં સેવા કામદારો જેવા કે ઘરકામ કરનારા, વાળ કાપનારા વાળંદ, શાકભાજી-ફળો વેચનારા, વર્તમાનપત્રો વેચનારા, હાથ લારીવાળા વગેરેનો સમાવેશ થાય છે.

અસંગઠિત ક્ષેત્રની ઉત્પાદકતા ઘણી ઓછી છે અને વેતનપણ ઘણા ઓછા મળે છે, તેમ છતાં તે કામદારોનો ૯૪% થી પણ વધુ હિસ્સો ધરાવે છે. ભારતનો આ અસંગઠિત ક્ષેત્ર

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

ભારતના રાષ્ટ્રીય સ્થાનિક ઉત્પાદનમાં ૫૭% જેટલો જ હિસ્સો ધરાવે છેઅને જે લગભગ ૯ ગણા સંગઠિત ક્ષેત્રના કામદારો કરતા ઓછું છે

ભારતમાં મજૂરો જેવા કે ખેતી ક્ષેત્ર, ડેરી ઉદ્યોગ, બાગાયતી અને તેના સંબંધિત વ્યવસાયોમાં કાર્યરત મજૂરોનું પ્રમાણ૪૧.૪૯% છે.

લગભગ ૩૦ મિલિયન કામદાર સ્થળાંતર કામદાર છે. જેમાં સૌથી વધુ કૃષિક્ષેત્ર અને તે છે કે જેમના માટે સ્થાનિક રોજગારી ઉપલબ્ધ નથી તેવા લોકો છે.

ભારતના રાષ્ટ્રીય નમુના સર્વેક્ષણ કાર્યાલય દ્વારા કરવામાં આવેલ 67માં અહેવાલ (2010) મુજબ જણાવે છે કે ભારતમાં લગભગ 58 મિલિયન જેટલા કામદારોએ અસંગઠિત બિન-ખેતીક્ષેત્રે કાર્યરત હતા.

ભારતમાં વસ્તી વૃદ્ધિના કુદરતી વૃદ્ધિદરને લીધે દરવર્ષ લગભગ13 મિલિયન જેટલા નવા કામદારો તેના શ્રમબળમાં ઉમેરાય છે ભારતની અર્થવ્યવસ્થામાં ઓછું વળતરવાળા અસંગઠિત ક્ષેત્રમાં દર વર્ષે8 મિલિયન નવી રોજગારી ઉમેરી રહી છે. બાકીના 5 મિલિયન યુવાનોએ કામચલાઉ માળખાગત કામમાં પરચૂરણ મજૂર તરીકે બાંધકામ ક્ષેત્રમાં મજૂર તરીકે ઓછું વળતર-ચૂકવણી મેળવી આંશિક રોજગારી પ્રાપ્ત કરી રહ્યા છે.

- **ઉદ્યોગો પ્રમાણે સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રમાં રોજગારી**

### ઉદ્યોગો પ્રમાણે સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રમાં રોજગારી

| ઉદ્યોગો | 1993-94 | | 1999-2000 | | 2009-10 | |
|---|---|---|---|---|---|---|
| | સંગઠિત ક્ષેત્ર | અસંગઠિત ક્ષેત્ર | સંગઠિત ક્ષેત્ર | અસંગઠિત ક્ષેત્ર | સંગઠિત ક્ષેત્ર | અસંગઠિત ક્ષેત્ર |
| ખેતી ક્ષેત્ર | 0 | 9 | 0 | 9 | 01 | 9 |

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | .26 | 7.40 | 0.10 | 9.10 | .00 | 9.60 |
| ખાણ ઉદ્યોગ | 4<br>0.7 | 5<br>9.30 | 4<br>3.20 | 5<br>6.10 | 4<br>6.60 | 5<br>4.40 |
| મેન્યુ ફેક્ચરીં<br>ગ | 1<br>6.10 | 8<br>3.90 | 14<br>.90 | 8<br>5.10 | 14<br>.50 | 0<br>5.50 |
| બાંધકામ<br>ક્ષેત્ર | 1<br>0.00 | 9<br>0.00 | 0<br>6.50 | 9<br>3.50 | 0<br>2.30 | 9<br>7.70 |
| હોટલ અને<br>રેસ્ટોરન્ટ | 0<br>1.06 | 9<br>8.40 | 01<br>.20 | 9<br>8.80 | 01<br>.00 | 9<br>9.00 |
| સેવા ક્ષેત્ર | 3<br>1.70 | 6<br>8.30 | 3<br>4.80 | 6<br>5.20 | 3<br>7.20 | 6<br>2.80 |

ઉપરોક્ત કોષ્ટક જોતા જણાય છે કે સંગઠિત ક્ષેત્રમાં માત્ર ખાણ ઉદ્યોગ અને સેવાક્ષેત્રમાં રોજગારીનું પ્રમાણમાં સાત વર્ષોમાં વધારો થાય છે તે સિવાયના ક્ષેત્રની બાબતમાં સંગઠિત ક્ષેત્રનું પ્રમાણ ઘટ્યું છે. જ્યારે અસંગઠિત ક્ષેત્રનું પ્રમાણ વધ્યું છે

## ➲ અસંગઠિત શ્રમિકો માટે ભારત સરકાર દ્વારા બનાવાયેલ કાયદાઓ

(1) શ્રમિકો માટે વળતર અંગેનો ધારો, 1923.

(2) સ્ત્રી શ્રમિકો માટે પ્રસૂતિ રાહતધારો 1961.

(3) લઘુત્તમ વેતન દરનો ધારો 1948.

(4) રાજ્ય કામદાર વીમા અંગેનો ધારો, 1946.

(5) ગુલામ શ્રમિક પધ્ધતિ અંગેનો ધારો, 1979.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

(6) કરાર આધારિત શ્રમિકો અંગેનો ધારો, 1979.

(7) ગ્રેજ્યુઈટી ચુકવણી અંગેનો ધારો 1972.

(8) સ્વાવલંબન પેન્શન યોજના, 2010.

## ➲ અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોની સમસ્યાઓ

- અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં શ્રમિકો દૈનિક ધોરણે અને કામચલાઉ સમય માટે જ રોજગારી પ્રાપ્ત કરે છે. એટલે કે તેમની રોજગારીમાં અસ્થિરતાનું તત્ત્વ જોવા મળે છે
- અસંગઠિત ક્ષેત્રમાં મોટાભાગના શ્રમિકો અકુશળ કે અર્ધકુશળ છે તેથી તેઓને કુશળ શ્રમિકો જેટલાં લાભ પ્રાપ્ત થતાં નથી
- અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોની ગંભીર સમસ્યાએ છે કે તેઓની કામની પરિસ્થિતિ અસહ્ય છે.
- અસંગઠિત ક્ષેત્રના મોટાભાગના શ્રમિકો બિનતાલીમી અને નિરક્ષર હોય છે
- અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો મુખ્યત્વે સ્થળાંતરલક્ષી અને ગતિશીલ જણાય છે
- અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોમાં વિશિષ્ટીકરણનો અભાવ જોવા મળે છે
- અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોનો મહત્વનો પ્રશ્ન એ છે કે તેમને નીચા વેતન પ્રાપ્ત થાય છે.
- અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોનું જીવન અસ્થિર, અનિશ્ચિત અને સંઘર્ષ ભરેલું જણાય છે
- અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોમાં બેરોજગારી અને અર્ધબેરોજગારીનું પ્રમાણ ઘણું જ ઊંચું જોવા મળે છે.
- અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોમાં અકસ્માતોનું પ્રમાણ વધુ જોવા મળે છે
- અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા પુરુષ શ્રમિકોની તુલનામાં સ્ત્રી શ્રમિકો અને બાળશ્રમિકોની સમસ્યાઓ અતિશય દર્દનાક છે.

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

## સંદર્ભસૂચિ

- Economic Sury-2010-2011
- “Unorganized Labour” Minister of Labour, Government of India.
- Various round of NSSO.